
કડકડતી ઠંડીમાં દેશ-દુનિયાના બર્ફીલા પ્રદેશોની શાબ્દિક સફરઃ દુનિયામાં સૌથી ઠંડા પ્રદેશ તરીકે એન્ટાર્ટીક સમુદ્રી વિસ્તાર છેઃ

# હિમાલય ન હોત તો શિયાળામાં જામનગરના લાખોટા તળાવમાં બરફ જામતો હોત!





એન્જિયોગ્રાફીના વાચક ડાયરાને નવા વર્ષના રામ રામ...

તમને સૌને ૨૦૨૪ નું વર્ષ સુખ અને શાંતિમય નિવડે તેવી માં લક્ષ્મીને અભ્યર્થના. ૨૧ મી સદી મારા મતે લક્ષ્મી અને વૈભવની સદી છે. જો ધન સંપત્તિ હોય તો જ મધુરું છે, બાકી અધૂરું છે! સાન્તા ગયા અને ધરતી ઉપર બાન્તા રહી ગયા! મારા તમારા જેવા બાન્તાઓ શિયાળામાં ધ્રુજી રહ્યા છે. જો કે હવામાન શાસ્ત્રીઓના મત અનુસાર આ વખતે શિયાળો મોડો અને નબળો છે. જાન્યુઆરી સુધી હજુ નેપાળી બજાર ધમધમતું થયું નથી. સામાન્ય રીતે ડિસેમ્બરના અંતમાં સ્વેટર પહેરવા પડે છે. જો ભારતની ઉત્તર દિશામાં હિમાલય પર્વત ન આવ્યો હોત તો ઠંડા કાતિલ બર્ફીલા પવનો જામનગર સુધી ફૂંકાતા હોત! રાજકોટ-જામનગર ધોરીમાર્ગ ઉપર બરફની ચાદર છવાઈ જાત. ગુજરાત આખું કાશ્મીર બની, આબુના નકી તળાવની જેમ લાખોટા તળાવ ઉપર બરફની ચાદર પથરાઈ જાત. હિમાલયના બર્ફીલા પવનો વર્તમાનમાં નેપાળ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર સુધી તિવ્રતાથી ફૂંકાય છે, ત્યાંથી પ્રદુષણને કારણે ઠંડી અને ગતિ ગુમાવે છે. એશિયામાં ઋતુ ચક્ર જેટલું વ્યવસ્થિત છે તેટલું યુરોપ, અમેરિકા કે ઓસ્ટ્રેલિયા વિસ્તારમાં નથી. ત્યાં બારે માસ મિશ્ર ઋતુ રહે છે.

### શિયાળો

શા માટે ઠંડી પડે છે? ઠંડી આવે છે ક્યાંથી? પૃથ્વીના નિર્માણ સમયે હિમ યુગ હોવાનું હવામાનશાસ્ત્રીઓ કહે છે. ઇતિહાસમાં હિમ માનવો હોવાનો ઉલ્લેખ પણ છે. આ બરફ પિગળવાથી સમુદ્રની રચના થઈ હોવાનું મનાય છે. આપણી પુરાતન દ્વારકા નગરી સમુદ્રમાં ડુબી ગઈ છે, આથી સ્પષ્ટ થાય છે કે, પહેલાં હિમ યુગ આવ્યો હશે અને ત્યારબાદ સમુદ્રોની રચના થઈ હશે.

પૃથ્વીની ધરીનું નમવાને કારણે ઋતુઓ બને છે. શિયાળો ત્યારે થાય છે જ્યારે ગોળાર્ધ સૂર્યથી દૂર હોય ત્યારે શિયાળાની શરૂઆત થાય છે.

ઉત્તર ગોળાર્ધમાં શિયાળો હોય છે, ત્યારે દક્ષિણ ગોળાર્ધમાં ઉનાળો હોય છે. ઘણાં પ્રદેશોમાં શિયાળો બરફ અને ઠંડુ તાપમાન લાવે છે. શિયાળુ અયનકાળ એ ક્ષણ છે જ્યારે ઉત્તર અથવા દક્ષિણ ધ્રુવના સંદર્ભમાં સૂર્યની ઉન્નતિ તેના સૌથી નકારાત્મક મૂલ્ય પર હોય છે, એટલે કે, ધ્રુવ પરથી માપવામાં આવે તે પ્રમાણે સૂર્ય ક્ષિતિજની નીચે સૌથી દૂર છે. જે દિવસે આવું થાય છે તેમાં સૌથી ટૂંકો દિવસ અને સૌથી લાંબી રાત હોય છે, જેમાં દિવસની લંબાઈ વધે છે અને રાત્રિની લંબાઈ ઘટતી જાય છે કારણ કે અયનકાળ પછી મોસમ આગળ વધે છે.

ધ્રુવીય પ્રદેશોની બહાર સૌથી વહેલો સૂર્યાસ્ત અને તાજેતરની સૂર્યોદયની તારીખો શિયાળાની અયનકાળની તારીખથી અલગ પડે છે અને અક્ષાંશ પર આધાર રાખે છે. તેઓ પૃથ્વીની લંબગોળ ભ્રમણકક્ષાને કારણે સમગ્ર વર્ષ દરમિયાન સૌર દિવસના તફાવતને કારણે અલગ પડે છે.

દુનિયામાં સૌથી ઠંડા પ્રદેશ તરીકે એન્ટાર્ટીક છે. ત્યાં માનવ કે વનસ્પતિ પણ ન પાંગરે તેટલી તીવ્ર ઠંડી હોય છે. હજારો કિલોમીટર સુધી બરફના પહાડો ફેલાયેલા છે. આ પવનો અડધી દુનિયાને અસર કરે છે. એડોલ્ફ હિટલરના સમયમાં દુનિયાનું ભૌગોલિક ખેડાણ બહુ નહોતું થયું અને તે સતત સંઘર્ષ અને યુદ્ધમાં વ્યસ્ત રહેતો હતો. તેને એક પત્રકારે સવાલ પૂછ્યો કે, તમને દુનિયાના કયા પ્રદેશ જોવાની અને જાણવાની તિવ્ર ઇચ્છા છે? ત્યારે હિટલરે જવાબ આપ્યો હતો કે.. એન્ટાર્ટીક!



### સાઇબિરીયા

સાઇબિરીયા તેના લાંબા, કઠોર શિયાળા માટે જાણીતું છે, જેમાં જાન્યુઆરી સરેરાશ તાપમાન -૨૫ સે. (-૧૩ એફ.) હોય છે. તે ભૌગોલિક રીતે એશિયામાં હોવા છતાં, ૧૬ મી સદીથી રશિયન સાર્વભૌમત્વ અને વસાહતીકરણે આ પ્રદેશને સાંસ્કૃતિક અને વંશીય રીતે યુરોપીયન છે. તેની ૮૫% થી વધુ વસ્તી યુરોપિયન વંશની છે. રશિયા અને આ વિસ્તારના અસંખ્ય લોકો ભારત તરફ આવી જાય છે. આ વિસ્તારના હજારો પક્ષીઓ તિવ્ર ઠંડીથી બચવા માટે હજારો માઇલનો પ્રવાસ ખેડી એશિયામાં આવી જાય છે.

રશિયાના સાઇબિરીયામાં આવેલું ઓયમ્યાકોન ગામનું તાપમાન -૮૦ સુધી ઉતારી જાય છે, જે પૃથ્વી પરના સૌથી ઠંડા શહેર તરીકે ઓળખાય છે.

### અસ્તાના

કઝાકીસ્તાનનું આ શહેર દુનિયાના ટોચના ઠંડા શહેરો પૈકીનું એક છે. ઉનાળાના મહિનાઓ ગરમ હોવા છતાં, અસ્તાનામાં શિયાળો લાંબો, શુષ્ક અને ઠંડો હોય છે. -૬૧ એફ./ -૫૧.૫ સે.ના અત્યંત નીચું તાપમાન નોંધવામાં આવ્યુ છે. નવેમ્બરના મધ્યથી એપ્રિલના પ્રારંભ સુધી હવામાન સ્થિર રહે છે. માનવ વસ્તી બહુ ગીચ નથી.

### મિનેસોટન

અમેરિકાનું ઉત્તરીય મિનેસોટન શહેર ''ધ આઇસબોક્સ ઓફ ધ નેશન'' પણ કહેવાય છે અને -૫૫ એફ/ -૪૮ સે. ના રેકોર્ડ નીચા અને ૭૧.૬ ઇંચની સરેરાશ મોસમી હિમવર્ષા સાથે, તે દુનિયાના ઠંડા શહેરો પૈકીનું એક છે. કેનેડિયન બોર્ડર ક્રોસિંગ માટે અને નજીકના વોયેજર્સ નેશનલ પાર્કના પ્રવેશદ્વાર તરીકે પણ જાણીતું છે. આ ઉદ્યાન ઉનાળામાં કાયાકીંગ અને હાઇકીંગ માટે અને શિયાળામાં ક્રોસ-કન્ટ્રી સ્કીઇંગ અને આઇસ-ફિશિંગ માટે લોકપ્રિય છે.

### ઉલાનબાતર

મંગોલિયાનું આ શહેર વિશ્વની સૌથી ઠંડી રાષ્ટ્રીય રાજધાની છે. શહેરમાં, શિયાળાના લાંબા મહિનાઓ દરમિયાન -૪૪ એફ/ -૪૨ સે.ના નીચામાં ઘટાડો થવાથી કાતિલ ઠંડીનો અનુભવ કરે છે. મંગોલિયાના અદ્‌ભુત જંગલ વિસ્તારોનું આ આંતરરાષ્ટ્રીય પ્રવેશદ્વાર હોવા ઉપરાંત, ઉલાનબાતર તિબેટીયન-શૈલીના બૌદ્ધ મંદિરોથી લઇને આકર્ષક આધુનિક આર્ટ ગેલેરીઓ સુધીના સમૃદ્ધ સાંસ્કૃતિક સ્થળોનું ગૌરવ ધરાવે છે. ઉલાનબાતાર તેની સૌથી ઠંડી રાજધાની હોવા ઉપરાંત વિશ્વના સૌથી ઠંડા શહેરોમાંનું એક છે.

**અડધા ગુજરાતની ઠંડી માપવા માટે વૈજ્ઞાનિક સાધનો જ નથી!**

**એન્જિયોગ્રાફી**

**- પરેશ છાયા**

### યેલોનાઇફ

કેનેડાના ઉત્તરપશ્ચિમ પ્રદેશનું આ શહેર આર્કિટક સર્કલથી ૨૫૦ માઇલ દક્ષિણમાં આવેલું છે. કેનેડાના સર્વેક્ષણમાં સમાવિષ્ટ ૧૦૦ કેનેડિયન શહેરોમાંથી, યેલોનાઇફ આખું વર્ષ સૌથી ઠંડુ હોય છે, અહીં સૌથી કાતિલ ઠંડો શિયાળો હોય છે, સૌથી વધુ તીવ્ર પવન ફૂંકાય છે. અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન -૬૧ એફ./ -૫૧ સે. હતું. મધ્યરાત્રિના સૂર્યની નીચે હાઇકીંગથી લઇને કૂતરા-સ્લેડીંગ, સ્નો મોબાઈલીંગ અને ઉત્તરીય લાઇટો જોવા સુધીની પ્રવૃત્તિઓ અહીં પ્રવાસીઓને આકર્ષિત કરે છે, યેલોનાઇફ વિશ્વના સૌથી ઠંડા શહેરો પૈકીના એક તરીકે તેનું નામ ધરાવે છે.

### નોરિલ્સ્ક

રશિયાનું આ શહેર એક લાખથી વધુ રહેવાસીઓ સાથે વિશ્વનું સૌથી ઠંડુ ઉત્તરીય શહેર છે, શિયાળામાં તાપમાન -૬૩ એફ./ -૫૩ સે.ની ચરમસીમાએ પહોંચે છે. મ્યુઝિયમ, એક આર્ટ ગેલેરી અને વિશ્વની સૌથી ઉત્તરીય મસ્જિદોમાંની એક હોવા છતાં ભૌગોલિક પરિસ્થિતિને કારણે નોરિલ્સ્ક મુખ્ય પ્રવાસન સ્થળ બની શક્યું નથી.

### દ્રાસ


ભારતનું સૌથી ઠંડુ શહેર 'દ્રાસ' છે, જે લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે. દ્રાસને ઘણીવાર ''લદ્દાખના પ્રવેશદ્વાર'' તરીકે ઓળખવામાં આવે છે, આ નગર દ્રાસ યુદ્ધ સ્મારકનું ઘર પણ છે, જે ૧૯૯૯ ના કારગીલ યુદ્ધમાં લડેલા અને મૃત્યુ પામનાર ભારતીય સૈનિકોની યાદમાં છે. દ્રાસ એક લોકપ્રિય પ્રવાસન સ્થળ છે, અને તે તેના સુંદર દૃશ્યો, તેના સમૃદ્ધ ઇતિહાસ અને તેના અનન્ય માટે જાણીતું છે. સંસ્કૃતિ જો કે, દ્રાસની મુલાકાત લેતી વખતે ઠંડા હવામાન માટે તૈયાર રહેવું મહત્ત્વપૂર્ણ છે. મુલાકાતીઓએ ગરમ કપડાં, સનસ્ક્રીન અને સનગ્લાસ પેક કરવા જોઈએ. તેઓએ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે, બરફના કારણે શિયાળાના મહિનાઓમાં દ્રાસના રસ્તાઓ બંધ થઈ જાય છે.

ભારતમાં હિમાચલ પ્રદેશની સ્પીતી વેલી પણ બરફ આચ્છાદિત પ્રદેશ અને સાહેલાણીઓમાં લોકપ્રિય વિસ્તાર છે. અટલ ટનલ આસપાસ પણ હિમ પ્રેમીઓ માટે માણવાલાયક વાતાવરણ હોય છે.

સ્પીતિ એ હિમાલયનો એક ઉચ્ચ-ઊંચાઈનો પ્રદેશ છે, જે ઉત્તર ભારતના હિમાચલ પ્રદેશ રાજ્યના ઉત્તર-પૂર્વ ભાગમાં સ્થિત છે. ''સ્પીતિ'' નામનો અર્થ થાય છે ''મધ્યમ જમીન'', એટલે કે. તિબેટ અને ભારત વચ્ચેની જમીન. સ્પીતિમાં મુખ્યત્વે સ્પીતિ નદીની ખીણ અને અન્ય નદીઓની ખીણોનો સમાવેશ થાય છે જે સ્પીતિ નદીમાં ભળે છે. સ્પીતિની પૂર્વમાં તિબેટ, ઉત્તરમાં લદ્દાખ, પશ્ચિમમાં અને દક્ષિણ પશ્ચિમમાં લાહૌલ, દક્ષિણમાં કુલ્લુ અને દક્ષિણપૂર્વમાં કિન્નૌરની સરહદ આવેલી છે. સ્પીતિમાં ઠંડા રણનું વાતાવરણ છે. ખીણ અને તેની આસપાસના પ્રદેશો ભારતના સૌથી ઓછી વસ્તીવાળા પ્રદેશોમાંનો એક છે. ભોટી-ભાષી સ્થાનિક વસ્તી તિબેટીયન બૌદ્ધ ધર્મને અનુસરે છે.

### જમ્મુ અને કાશ્મીર

જમ્મુ અને કાશ્મીર રાજ્ય, ખાસ કરીને લદ્દાખ પ્રદેશ, સામાન્ય રીતે સમગ્ર ભારતમાં સૌથી ઠંડુ ગણાય છે. આ ભારતના સૌથી ઠંડા વસવાટવાળા પ્રદેશોમાંનો એક છે અને તે તેના અપવાદરૂપે નીચા શિયાળાના તાપમાન માટે પ્રખ્યાત છે, જે વારંવાર શૂન્ય કરતાં પણ નીચે પહોંચી જાય છે. કેટલાક વિસ્તારોમાં શિયાળાના સમયમાં તાપમાન માઇનસ ૪૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું થઈ જાય છે. શિયાળાના બરફને કારણે જનજીવન ખોરવાઇ જાય છે. જમ્મુમાં વારંવાર હિમવર્ષાને કારણે રાજધાની કાશ્મીર પણ ખસેડવામાં આવે છે. પ્રવાસીઓ માટેનું આ ઉત્તમ આકર્ષક સ્થળ છે.



### ગુજરાત

આપણું રાજ્ય મધ્યમ ઠંડી અને ગરમી ધરાવતો વિસ્તાર છે. અહીં ભુજના નલિયામાં સૌથી વધુ ઠંડી નોંધાય છે. જો કે તેનાથી પણ વધુ ઠંડી ગિરનાર પર્વત ઉપર નોંધાય છે, પરંતુ તે નિવાસી વિસ્તાર ન હોવાથી તેની ગણના કરવામાં આવતી નથી. નલિયા શહેરમાં -૨ ડિગ્રી સુધી તાપમાન પહોંચી જાય છે. જામનગર શહેરમાં લઘુતમ તાપમાન ૬ થી ૭ ડિગ્રી સુધી ગગડી શકે છે.

હવામાન અંગેની નોંધ અને અભ્યાસ કેન્દ્ર સરકારનું હવામાન વિભાગ કરે છે, તે ઇસરોની મદદથી અવકાશમાં તરતા મૂકવામાં આવેલા ઉપગ્રહો દ્વારા માહિતી મેળવે છે. અબજો રૂપિયાના અસંખ્ય ઉપગ્રહો હોવા છતા ગુજરાતનું ગાંધીનગર સ્થિત હવામાન વિભાગ જામનગર સહિત અડધા ગુજરાતની ઠંડીના આંકડા આપતું નથી અથવા આપી શકવા સક્ષમ નથી. જામનગરની ઠંડીની જાણકારી કલેકટર કચેરી, બજાર સંશોધન કેન્દ્ર કે વાયુ સેના મથક પાસેથી મળે છે, જે ઉપગ્રહો જેટલી સચોટ કે વૈજ્ઞાનિક હોતી નથી! આમ અડધા રાજ્યનું તાપમાન મોટાભાગે ભગવાન ભરોસે જ રહે છે. ૨૧ મી સદીમાં આવી પરિસ્થિતિ બહુ આશ્ચર્યજનક કહેવાય. ગુજરાત ખેતી પ્રધાન દેશ છે ત્યારે હવામાન બાબતેની આગાહી અને જાણકારી ૧૦૦ ટકાની નજીક હોવી જોઈએ. બીજી રીતે જોઈએ તો ગુજરાતની ૭ કરોડની વસ્તીમાંથી ૩.૫ કરોડની વસ્તીને અસર કરતાં હવામાનની વિગતો ૨૧ મી સદીમાં પણ ઉપલબ્ધ નથી!

'નોબત'ના વાચકો અને ચાહકોને ઠંડી મુબારક....

---

રૂા.૫૪૯૦ની રોકડ કબજેઃ

## દરેડ જીઆઈડીસી ફેસ-રમાંથી રાત્રે ગંજીપાના કૂટતા ચાર શખ્સ ઝડપાયા

જામનગર તા. ૫ઃ જામનગરના દરેડ જીઆઈડીસી ફેસ-રમાં ગઈરાત્રે ગંજીપાના વડે જુગાર રમી રહેલા ચાર શખ્સને પોલીસે દરોડો પાડી ઝડપી લીધા હતા. પટમાંથી રૂા.૫૪૯૦ કબજે કરાયા છે.

જામનગરના દરેડ જીઆઈડીસી ફેસ-રમાં આવેલા પટેલ ચોકમાં ગઈરાત્રે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા પંચકોશી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે માતૃ કૃપા હોટલ પાસે દરોડો પાડ્યો હતો. ત્યાંથી ચાર શખ્સ તીનપત્તી રમતા મળ્યા હતા.

આ સ્થળેથી મૂળ ખેડા જિલ્લાના નાનવગા ગામનો જગદીશ બુધાભાઈ સોઢા, ઉત્તરપ્રદેશના ભરવલ ગામનો નબીહસન સતારઅલી, સદ્‌ગુરૂ સોસાયટીમાં રહેતો નાથાભાઈ કલાભાઈ સોલંકી, મહિસાગર જિલ્લાના વડદલા ગામનો વિક્રમ બિજલભાઈ પરમાર ત્યાંથી તીનપત્તી રમતા ઝડપાયા હતા. પટમાંથી રૂા.૫,૪૯૦ કબજે કરાયા છે.

---

જુનાગઢની સાવજ ડેરીના નામે ઉઘરાવી લીધુ દૂધઃ

## કલ્યાણપુરના લાંબામાં પશુપાલકો સાથે રૂા.૮૩ લાખની ત્રણ શખ્સે આચરી ઠગાઈ

*જામનગર તા. ૫ઃ કલ્યાણપુરના લાંબામાં કેટલાક સમયથી ત્રણ શખ્સે જુનાગઢ સ્થિત સાવજ ડેરીમાં દૂધ પહોંચાડવાનો કોલ આપી પશુપાલકો પાસેથી તેમનું દૂધ ઉઘરાવવાનું શરૂ કર્યા પછી રૂા.૮૩ લાખ ૭૮,૪૭૩ની રકમની છેતરપિંડી કરી લીધાની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.*

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના લાંબા ગામમાં વસવાટ કરતા મૂળ માણાવદર તાલુકાના ભીતાણા ગામના રાજેશ હમીરભાઈ ચાવડા તથા લાંબા ગામના સુનિલ વેલુભાઈ ચેતરીયા, વેલુભાઈ માલદેભાઈ ચેતરીયાએ કેટલાક સમય પહેલાં લાંબામાં હરસિદ્ધિ ચીલીંગ દૂધ સેન્ટર નામની ડેરી શરૂ કરી હતી.

આ શખ્સોએ પોતાની ડેરીમાં દૂધ આપી જવા અને તે દૂધ જુનાગઢની સાવજ ડેરીમાં પહોંચાડવાનો કોલ આપી દૂધ ઉઘરાવવાનું શરૂ કર્યુ હતું. આ શખ્સો પર ભાટીયાના અનિરૂદ્ધસિંહ મુળુભા વાઢેર સહિતના આસામીઓએ વિશ્વાસ મૂકી પોતાનું દૂધ સાવજ ડેરી માટે ઉપરોક્ત ત્રણેય શખ્સો મારફત મોકલાવવાનું શરૂ કર્યુ હતું. તે પછી વિશ્વાસ કેળવાઈ જતાં રાજેશ, સુનિલ તથા વેલુભાઈએ દૂધ આપી જતા પશુપાલકોની રકમ બાકી રાખવાનુ શરૂ કર્યુ હતું અને ઉઘરાણી કરાય ત્યારે સાવજ ડેરીનો કોડ આપવાનું કહ્યું હતું પરંતુ કોડ કે બાકી રકમ નહીં આપી આ શખ્સોએ કુલ રૂા.૮૩ લાખ ૭૮,૪૭૩ની રકમ ચઉત કરી દેતાં આ શખ્સોએ પશુપાલકો સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત આચર્યાની અનિરૂદ્ધસિંહે કલ્યાણપુર પોલીસમાં ફરિયાદ કરી છે.

---

પ્રથમ ટ્રાન્સઝેક્શનમાં વળતર અપાયું પણ હતું!

## રોકાણના પચ્ચીસ ટકા વળતર મળવાની આંબા આંબલી બતાવી અડધા કરોડની છેતરપિંડી

જામનગર તા. ૫ઃ જામનગરના એક વણિક વેપારીને રોકાણની સામે દર મહિને ૨૫ ટકા જેટલું વળતર અપાવવાની લાલચ બતાવી એક શખ્સે રૂા.૫૦ લાખ ઉપરાંતનું રોકાણ મેળવી લઈ ઠેંગો બતાવી દેતાં છેતરાયેલા વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી છે.

જામનગરના બેડી વિસ્તારમાં ચીકોરી પાવડરનું કારખાનું ચલાવતા ધવલ ભરતભાઈ શાહ નામના વેપારીને માર્ચ ૨૦૨૨માં એક શખ્સે મોબાઈલ પર કોલ કરી પ્લાસ્ટિક કોમોડીટીમાં રોકાણ કરવાનું કહી આંબા આંબલી બતાવ્યા હતા. તે શખ્સે રોકાણ પછી દર મહિને ૨૫ ટકા જેવું વળતર પરત આવશે તેમ જણાવ્યું હતું અને ધવલભાઈએ રૂા.૫૦ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી તે બાબતની ખરાઈ કરતા તેમને રૂા.૫૧૩૦ પરત પણ આવ્યા હતા. ત્યારપછી વિશ્વાસ બેસી જતા ધવલભાઈએ જુદા જુદા સમયે કુલ રૂા.૫૦,૦૪,૦૭૫ની રકમનું રોકાણ કર્યુ હતું. આ શખ્સે તમારા વળતરની રકમ મોબાઈલમાં જ ઓનલાઈન જોઈ શકાશે અને પરત પણ ખેંચી શકાશે તેમ કહ્યું હોય પોતાનું વળતર પરત મેળવવા ધવલભાઈએ પ્રયત્ન કરતા નિષ્ફળતા મળી હતી અને આખરે પોતે છેતરાયાનું ધવલભાઈને જણાઈ આવ્યું હતું. તેથી તેઓએ જામનગરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આ બાબતની ફરિયાદ નોંધાવી છે.

---

રૂા. ૧૨૬૬ લાખના વોટરવર્કસના કામ સહિત માળખાકીય સુવિધાઓની દરખાસ્તો મંજૂર કરાઈ

## જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂપિયા ૨૬.૧૦ કરોડના વિકાસ કામોને બહાલી

જામનગર તા.૦૫ઃ જામનગર મહાનગર- પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આજે ચેરમેન નિલેષ કગથરાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ રૂા. ૨૬ કરોડ, ૧૦ લાખના કુલ ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. આજની બેઠકમાં બાર સભ્યો ઉપરાંત મેયર વિનોદ ખીમસૂર્યા, ડે. મેયર કિષ્ના સોઢા, મ્યુનિ. કમિશનર ડી. એન. મોદી, નાયબ કમિશનર વાડ.ડી. ગોહિલ, સિટી ઈજનેર ભાવેશ જાની, આસિ. કમિશનર (વહીવટ) કોમલબેન પટેલ અને ટેક્સના જિજ્ઞેશ નિર્મલ ઉપસ્થિત રહ્યા હતા.



શ્રાવણી મેળા દરમ્યાન પ્રદર્શન મેદાનમાં બનાવેલ સ્ટેજ-મંડપ માટે રૂા. ૨૮.૮૦ લાખ નો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. શુભમ્ રેસિડેન્સીથી ટીટોડીવાડી રોડના સેન્ટ્રલ લાઈટિંગ વર્ક માટે રૂા. ૩૦.૨૩ લાખ તથા હાપા માર્કેટ યાર્ડથી રાધિકા ઈન્ટરનેશનલ સ્કૂલ રોડ પર સેન્ટ્રલ લાઈટિંગ માટે રૂા. ૧૮.૧૮ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. પંપ હાઉસમાં સોલાર રૂફટોપ રૂા. ૧૬.૫૬ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. ભૂગર્ભ ગટર શાખા માટે હાઈડ્રોજેટિંગ મશીન (૨૦૦૦ લિ. કેપેસિટી) ચાર નંગ માટે રૂા.૧૦૪ લાખ તથા ૬૦૦૦ લિટરવાળા ૪ નંગ મશીન ખરીદી માટે રૂા. ૧૪૩ લાખ ૬૩ હજારનો ખર્ચ મંજૂર કરાયો. સોલિડ વેસ્ટ શાખા માટે એક્સકેવેટર (પોકલેન મશીન) ખરીદીની દરખાસ્ત અન્વયે રૂા. ૫૫ લાખ ૬૮ હજારનો ખર્ચ મંજૂર કરાયો હતો. જ્યારે ભૂગર્ભ ગટર શાખા માટે જ સુપર સકર મશીન ૪ નંગ ખરીદી માટે રૂા. ૨૦૩.૮૮ હજારનો ખર્ચ મંજૂર કરાયો હતો. તથા મોબાઈલ ટોઈલેટ (મૂવેબલ પબ્લિક સેનેટરી ફેસેલિટી) ખરીદી માટે રૂા. ૨૯ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.

ભૂગર્ભ બોક્સ ગટરની સફાઈ કામગીરી પાવર બકેટ મશીન દ્વારા કરવાની દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી છે. બેડી વિસ્તારના શેલ્ટર હોમના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ માટે ૭.૯૯ લાખ તથા હાપા વિસ્તારના શેલ્ટર હોમના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ માટે ૯.૯૯ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.

પીએમ ઈ-બસ સેવા અંતર્ગત ઈ-બસ ડેપો, ઈ-બસ ચાર્જિંગ સ્ટેશન, ઈલેક્ટ્રીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી કરવા અંગે આર્કિટેક્ચર ડિઝાઈન તથા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી અનુસંધાને કન્સલ્ટન્ટની નિમણૂક કરવા રૂા. ૨૩.૪ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો. જામનગર મહાનગર-પાલિકા વિસ્તારમાં જીઆઈએસ બેઝ એપ્લિકેશનના કામે ઓપરેશન મેન્ટેનન્સના દરખાસ્ત અન્વયે રૂા. ૬.૭૮ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો. સોશિયલ ડેવલપમેન્ટ સ્પેશિયાલિસ્ટ અને એમઆઈએસ સ્પેશિયાલિસ્ટની જગ્યાના કોન્ટ્રાક્ટ બેઈઝની નિમણૂક માટેની દરખાસ્ત માટે ૧૧ માસની મુદ્દત વધારવામાં આવી હતી. વોટર વર્કસ શાખાના મીટર રીડરને પેટ્રોલ એલાઉન્સ તથા આઉટડોર ડ્યુટી કર્મચારીને પેટ્રોલ એલાઉન્સ આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. સ્ટ્રેન્થનીંગ ઓફ ગટર વર્કસના કામ અન્વયે વોર્ડ નં. ૨-૩-૪ માટે ૫ લાખ, વોર્ડ નં. ૮-૧૫-૧૬ માટે ૭ લાખ, તથા વોર્ડ નં. ૯-૧૩-૧૪ માટે રૂા. ૭ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.

વોર્ડ નં. ૧૦-૧૧-૧૨ માં પાણીની લાઈન ખોદવામાં આવેલ ટ્રેન્ચ તથા જુદી-જુદી કંપની દ્વારા ઓપ્ટિકલ ફાઈબર કેબલ તથા ઈલેક્ટ્રીક કેબલ વગેરેના લેઈંગના ટ્રેન્ચમાં સીસી ચિરોડાના કામ માટે રૂા. ૨૨.૩૬ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.

વોર્ડ નં. ૫-૯-૧૩-૧૪ માં સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફિક વર્કસ માટે રૂા. ૩.૫ લાખ ખર્ચ મંજૂર કરાયો છે.

વોર્ડ નં. ૫-૯-૧૩-૧૪માં આંગણવાડી બનાવવા માટે રૂા. ૧૧૪.૫૦ લાખ, વોર્ડ નં. ૧-૬-૭માં આંગણવાડી બનાવવાના કામ માટે રૂા. ૮૨.૫૯ લાખના ખર્ચને મંજૂર કરાયો હતો. તથા વોર્ડ નં. ૮-૧૫-૧૬ માં આંગણવાડી બનાવવા માટે રૂા. ૭૧.૭૭ લાખનું ખર્ચ મંજૂર કરાયું છે. વોર્ડ નં. ૧૦-૧૧-૧૨માં સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ બ્રીજ માટે રૂા. ૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે.

વોર્ડ નં. ૮-૧૫-૧૬ માં સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસના કામ માટે રૂા. ૪ લાખ, વોર્ડ નં. ૫-૯-૧૩-૧૪ ને સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશનના કામ માટે રૂા. ૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. અને વોર્ડ નં. ૧૦-૧૧-૧૨ માટે પણ રૂા. ૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. વોર્ડ નં. ૧૨માં ખાનગી સોસાયટી, ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહત તથા અન્ય રહેણાક વિસ્તારમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાની વિકાસ યોજના અન્વયે સીસી રોડ / સીસી બ્લોક ના કામ માટે રૂા. ૨૨.૮૬ લાખ ના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.

વોર્ડ નં. ૫માં સોઢા સ્કૂલના પુલિયાથી નજીકની શેરીમાંથી પસાર કરી ઝપડિયા પુલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામ માટે રૂા. ૨૧૩ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે.

ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ, કમિશનિંગ વર્કસ ઓફ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ એસેસમેન્ટ વિથ સ્કાડા ઈન્ક્લુડિંગ ઈલેક્ટ્રો મિકેનિકલ વર્કસ ઓફ એક્ઝિસ્ટિંગ વેરિયસ સોર્સ, ફિલ્ટર પ્લાન એન્ડ ઈએસઆર ઈન્ક્લુડિંગ કન્ટ્રોલિંગ એન્ડ મોનિટરિંગ ઓફ એન્ટાયર ઓટોમેશન સિસ્ટમ વિથ ફાઈવ યર્સ ઓફ ઓપરેશન એન્ડ મેન્ટેનન્સના કામ માટે રૂા. ૧૨૬૬ લાખ ૭૩ હજારના ખર્ચને મંજૂરી અપાઈ હતી.

નવ નિયુક્ત નાયબ કમિશનર વાય. ડી. ગોહિલને અધિકારી અને પદાધિકારીઓ દ્વારા આવકારીને સ્વાગત કરાયું હતું. જ્યારે નિવૃત્ત થતાં વશરામભાઈ પરમાર તથા લાભશંકરભાઈ જોશીનું પણ સન્માન કરાયું હતું.

પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ આવાસના ડ્રો પછી ખાલી રહેલ આવાસો અન્વયે પાંચ યોજનામાં ૧૫૪ ખાલી આવાસો માટે ૨૮૯ અરજીનો કોમ્પ્યુટરાઈઝ ડ્રો કરી ફાળવણી કરવામાં આવી હતી.

---

સુરેન્દ્રનગરમાં સૌથી વધુ વીજચોરી!

## સૌરાષ્ટ્ર અને કચ્છમાં વીજચોરીમાં જામનગરને પ્રાપ્ત થયો બીજો ક્રમ

જામનગર તા. ૫ઃ પશ્ચિમ ગુજરાતમાં વીજ પુરવઠો પુરો પાડતી પીજીવીસીએલ કચેરીઓ દ્વારા વીજચોરી ડામવા માટે ગયા વર્ષના એપ્રિલ મહિનાથી નવેમ્બર મહિના સુધી ચલાવેલી ચેકીંગ ઝુંબેશમાં જે જિલ્લાઓમાં સૌથી વધુ વીજ ચોરી ઝડપાઈ છે તેમાં સુરેન્દ્ર નગરે પ્રથમ ક્રમ અને જામનગરે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે! છેલ્લા નવ મહિનામાં કરાયેલા વીજ ચેકીંગમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૮૫૦૬૨ વીજજોડાણો ચકાસાયા હતા જેમાંથી ૬૪૭૧૫ જોડાણોમાં રૂા.૨૦૫.૨૧ કરોડની વીજ ચોરી મળી આવી હતી. તે આંકડાઓની વચ્ચે વીજચોરીમાં સુરેન્દ્રનગર પ્રથમ ક્રમે આવ્યું છે અને જામનગરે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

---

પાંજરૂ મૂકવા ઉઠી માગણીઃ

## જામજોધપુરના સડોદર ગામ પાસે ત્રણ ગાયનો દીપડાએ કર્યો શિકાર

જામનગર તા. ૫ઃ જામજોધપુર નજીક આવેલા સડોદર ગામથી પાંચેક કિ.મી. દૂરના ડુંગરાળ વિસ્તારમાં આવેલા શ્રી ફૂલનાથ મહાદેવ મંદિરની આજુબાજુમાં દીપડાએ દેખા દીધાની ચર્ચા ઉઠતા પશુપાલકો તથા ગ્રામજનોમાં ભય પ્રસર્યો છે. આ મંદિરના મહંત સુંદરનાથ બાપુએ વનવિભાગ પાસે આ દીપડાને પકડી પાડવા તાકીદે પાંજરૂ મુકવા વિનંતી કરી છે ત્યારે જાણવા મળ્યા મુજબ મંગળવાર તથા બુધવારના બે દિવસો દરમિયાન રાત્રિના સમયે ત્રાટકેલા દીપડાએ ત્યાં બાંધવામાં આવેલી ત્રણ ગાયોનો શિકાર કર્યાનું પણ જાણવા મળી રહ્યું છે.